સરથાણામાં બીમારીથી કંટાળીને મહિલાએ ઝેર પીને આપઘાત કર્યો

સુરત: મૂળ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના વતની વિલાસબેન નીતિનભાઈ સાંગાણી (52 વર્ષ) હાલમાં સરથાણા વિસ્તારમાં આવેલી દેવીદર્શન સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા અને પૂણા વિસ્તારમાં આવેલી ખાનગી સ્કૂલમાં પટાવાળા તરીકે નોકરી કરતા હતા. વિલાસબેન છેલ્લા ઘણા સમયથી સુગર સહિતની અન્ય બીમારીથી પીડાતા હતા. જે બીમારીથી કંટાળી અંતે વિલાસબેને કાલે સાંજે ઘરમાં ઝેર પી લેતાં મોત નીપજ્યું હતું.

વેપારીને ચેક બાઉન્સના બે કેસમાં થયેલી સજા સામેની અપીલ ફગાવાઈ

સુરત: શ્રી રામ મેટાલિકના નામે એમ્બ્રોઇડરી ઝરીના દોરાના વેપાર કરતા સુરેશ ભગવાન તોગડિયા પાસેથી આરોપી હર્ષ ગઢિયાએ માલ ખરીદી પેમેન્ટ પેટે આપેલા ચેક રિટર્ન થયા હતા. આ અંગે કોર્ટમાં ફરિયાદ કરવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટે આરોપીને 1 વર્ષની સાદી કેદની સજા તથા રૂપિયા ત્રણ લાખ સાઠ હજારનો દંડ ફટકાર્યો હતો. બીજા કેસમા ટ્રાયલ કોર્ટે આરોપી હર્ષને 1 વર્ષની સાદી કેદની સજા તથા રૂપિયા એક લાખ ત્રીસ હજારનો દંડ ફટકાર્યો હતો. આ બંને ચુકાદાને આરોપીએ સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો. આ બંને અપીલના કામે સુનાવણી બાદ કોર્ટે આરોપીની સજા કાયમ રાખી અપીલ ફગાવી દીધી હતી.

રોજગાર માટે આવેલા યુવકને નોકરી નહીં મળતા ફાંસો ખાધો

સુરત: મૂળ બિહારના વતની શુભમ મુકેશ પાસવાન (ઉ.વ.19) હાલમાં પાંડેસરા વડોદ ગામમાં આવેલ મહાવીર નગરમાં રહેતો હતો અને મજૂરી કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. શુભમ એક મહિના પહેલાં જ વતનથી રોજીરોટી માટે સુરત ખાતે આવ્યો હતો. કાલે સાંજે શુભમ રાતપાળી કરીને ઘરે આવ્યો હતો. બાદમાં તેણે છતમાં લગાવેલ લોખંડની પાઇપ સાથે કાપડ બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં શુભમને યોગ્ય કામકાજ નહીં મળતા આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

ઉધનામાં આર્થિક સંકડામણમાં આધેડે ફાંસો ખાધો

સુરત: મૂળ મહારાષ્ટ્ર નંદુરબારના વતની રામદાશ બારકુ બોરસે (ઉ.વ.58) હાલમાં ઉધના બીઆરસી પાસે આવેલ ગાંધીકુટીરમા પરિવાર સાથે રહેતા હતા અને સંચા ખાતામાં કામ કરતાં હતા. સોમવારે બપોરે રામદાશે ઘરમાં લોખંડના હુક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં રામદાશે આર્થિક સંકડામણમાં આ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

રમતાં-રમતાં ગેલેરીમાંથી પટકાયેલા 2 વર્ષના માસૂમનું મોત

સુરત: કતારગામ વિસ્તારમાં આવેલી રૂક્ષ્મણી નગર સોસાયટીમાં રમતાં-રમતાં પહેલા માળની ગેલેરીમાંથી નીચે પટકાયેલા માત્ર 2 વર્ષના માસૂમ બાળકનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. મૂળ ખેડા જિલ્લાના વતની જયભાઈ પટેલ હાલમાં કતારગામમાં બાપા સીતારામ ચોક પાસે આવેલી રૂક્ષ્મણી નગર સોસાયટીમાં પત્ની અને 1 વર્ષ 11 માસના પુત્ર ક્રિયાંશ સહિતના પરિવાર સાથે રહે છે અને ઓનલાઈન ડિલિવરીનું કામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. ગત 4 ઓગસ્ટની રાત્રે ક્રિયાંશ રૂમમાં પોતાની પિતરાઈ બહેન સાથે રમી રહ્યો હતો. પિતરાઈ બહેન પાણી પીવા માટે ગઈ હતી. આ સમયે ક્રિયાંશ રમતાં-રમતાં રૂમની બહાર નીકળી ગયો હતો અને પહેલા માળની ગેલેરીમાંથી નીચે પટકાયો હતો. અકસ્માતમાં ક્રિયાંશને ગંભીર ઈજાઓ પહોંચતાં પરિવારજનો તાત્કાલિક તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં કાલે રાત્રે સારવાર દરમિયાન ક્રિયાંશનું મોત નીપજ્યું હતું.

સિંગણપોરમાં ગેરકાયદે પ્લાસ્ટિક ગોડાઉનમાં ભીષણ આગ ભભૂકી

શ્રદ્ધાદીપ સોસાયટીના રહેણાંક મકાનને કોમર્શિયલ ગોડાઉનમાં ફેરવી દેવાયું હતું

9 ફાયર બ્રિગેડની ટીમે આગ કાબૂમાં લીધી, બાજુના મકાનમાં ફસાયેલા વૃદ્ધ સહિત ત્રણને સ્થાનિકોની મદદથી બચાવ્યા

સ્થાનિકોએ ટેમ્પો અને દોરડાની મદદથી વૃદ્ધ-મહિલા સહિત ત્રણને બચાવ્યા

આગના કારણે મકાનમાં ફસાયેલા એક વૃદ્ધ અને એક મહિલા સહિત ત્રણ લોકો માટે બહાર નીકળવાનો રસ્તો મુશ્કેલ બન્યો હતો. જોકે, ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ સ્થાનિકોએ બતાવેલી સમયસૂચકતા અને હિંમતના કારણે ત્રણેયના જીવ બચી ગયા હતા. આગની ગંભીરતા જોતા સ્થાનિકોએ તાત્કાલિક મકાનની નીચે ટેમ્પો ઊભો રાખ્યો હતો. ત્યારબાદ દોરડાની મદદથી મકાનમાં ફસાયેલા લોકોને એક પછી એક નીચે ઉતારવાની કામગીરી શરૂ કરી હતી. અત્યંત જોખમી સ્થિતિ વચ્ચે સ્થાનિકોએ સંકલનપૂર્વક કામગીરી કરી ત્રણેય લોકોને સલામત રીતે નીચે ઉતારી લીધા હતા. ફાયરબ્રિગેડ પહોંચે તે પહેલાં જ સ્થાનિકોની આ કામગીરી ત્રણેય માટે જીવનદાયી સાબિત થઈ હતી.

ત્રીજા માળે ચારેય બાજુથી ઘરને પતરાં મારી દેવાયાં હતાં: મિલકતને સીલ કરાઇ

પ્રતાપભાઈએ પાર્કિંગની જગ્યામાં પણ ગોડાઉન બનાવી દીધું હતું અને પહેલો માળ અને ત્રીજા માળ પણ પ્લાસ્ટિકના બેગ સ્ટોરેજ માટેનું ગોડાઉન બનાવી દીધું હતું. આ ઉપરાંત કોઈને આ વાતની ખબર ન પડે તે માટે ત્રીજા માળે ચારેય બાજુથી તેઓએ પતરા બાંધી દઈ સંપૂર્ણ માળ પેક કરી દીધો હતો. જેના કારણે કોઈ વ્યક્તિઓની તેના પર નજર ના પડે પરંતુ આજે ભીષણ આગમાં સંપૂર્ણ જથ્થો બળીને ખાક થઈ ગયો હતો. દરમિયાન કતારગામ ઝોન દ્વારા હાલ આ મિલકત સીલ કરી દેવાઇ હોવાનું જાણવા મળી રહ્યું છે.

સુરત: સુરતના સિંગણપોર વિસ્તારમાં રહેણાંક સોસાયટીમાં ધમધમતા ગેરકાયદે કોમર્શિયલ ગોડાઉનમાં આગ લાગતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. કંથારીયા હનુમાન રોડ પર આવેલી શ્રદ્ધાદીપ સોસાયટીના પ્લોટ નંબર 8 અને 9 પરના રહેણાંક મકાનમાં પ્લાસ્ટિકની થેલીઓ અને બેગનો મોટો જથ્થો ગોડાઉન તરીકે સંગ્રહ કરવામાં આવ્યો હતો. બપોરના સમયે શોર્ટ સર્કિટના કારણે આગ ભભૂકી ઉઠતાં ગણતરીની મિનિટોમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના ધુમાડા અને જ્વાળાઓ જોઈ સોસાયટીના રહીશો અને આસપાસના લોકોમાં ગભરાટનો માહોલ સર્જાયો હતો. ફાયર વિભાગ દ્વારા એક તરફ આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારે બીજી બાજુ બાજુના મકાનમાં વૃદ્ધા સહિત ત્રણ વ્યક્તિઓ ફસાઈ ગયા હતા. સ્થાનિકો દ્વારા બાજુના મકાનમાં ફસાયેલા 60 વર્ષીય હીરાબેન કાર્તિકયા, માંગુકિયા રોહિત ગોવિંદભાઈ અને માંગુકિયા અમર શીવાભાઈને રેસ્ક્યૂ કરી બચાવી લેવામાં આવ્યા હતા.

મકાનના ગ્રાઉન્ડ ફ્લોરની ગુડ્સ લિફ્ટ નજીક આગ લાગ્યા બાદ પ્લાસ્ટિકનો જથ્થો હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી. ગુડ્સ લિફ્ટના પેસેજ મારફતે આગ ગ્રાઉન્ડ ફ્લોરથી પહેલા માળ અને ત્યારબાદ ત્રીજા માળ સુધી પહોંચી ગઈ હતી. જોકે બીજો માળ રહેણાંક માટે ઉપયોગમાં લેવાતો હોવાથી ગુડ્સ લિફ્ટનો પેસેજ બંધ હતો અને તે આગની ઝપેટમાં આવવાથી બચી ગયો હતો. આગની ગંભીરતા જોતા ફાયર બ્રિગેડ કંટ્રોલ દ્વારા ડભોલી, કતારગામ, વરિયાવ, તાપીપુરા, જહાંગીરપુરા, માનદરવાજા, અડાજણ, મોરાભાગળ અને પાલનપુર સહિતના ફાયર સ્ટેશનોની 15થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર જવાનોએ ચાર કલાકથી વધુ સમય સુધી ભારે જહેમત કરી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. પ્રાથમિક માહિતી મુજબ પ્રતાપ મેમારામજી પરિહડિયાના રહેણાંક મકાનમાં 'વેદ એન્ટરપ્રાઈઝ મેન્યુફેક્ચર ઓફ પીવીસી એન્ડ નોન વુવન બેગ' નામે વ્યવસાય ચાલતો હતો. ગ્રાઉન્ડ ફ્લોર, પહેલા માળ અને ત્રીજા માળનો ઉપયોગ પ્લાસ્ટિકના જથ્થાના ગોડાઉન તરીકે કરવામાં આવતો હતો, જ્યારે બીજા માળે પરિવાર રહેતો હતો. માલની અવરજવર માટે મકાનમાં ગુડ્સ લિફ્ટ પણ બનાવવામાં આવી હતી. રહેણાંક સોસાયટીમાં આ રીતે જ્વલનશીલ પ્લાસ્ટિકનો મોટો જથ્થો સંગ્રહિત કરવામાં આવતાં આગની ઘટનાએ આસપાસના રહીશોની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. આગ કાબૂમાં આવ્યા બાદ ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા કતારગામ ઝોનના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી.

'સાયલન્ટ ઝોન'નો એકપણ પ્લોટ ટાઈટલ ક્લિયર નથી

100થી વધુ પ્લોટધારકોએ સુરત કલેક્ટરને રજૂઆત કરી

સુરત: શહેરના 'સાયલન્ટ ઝોન' પ્રોજેક્ટના જમીન, માલિકી હક અને મહેસૂલ સંબંધિત પ્રશ્નો બે દાયકા કરતાં વધુ સમયથી ઉકેલાયા ન હોવાનો આક્ષેપ સાથે મંગળવારે 'સાયલન્ટ ઝોન પ્લોટ હોલ્ડર્સ સર્વિસ એસોસિએશન'ના નેજા હેઠળ 100થી વધુ પ્લોટધારકોએ સુરત કલેક્ટરને રજૂઆત કરી હતી.

એસોસિએશનના જણાવ્યા મુજબ પ્લોટધારકોએ બે દાયકા કરતાં વધુ સમય પહેલાં પોતાની મહેનતની કમાણીમાંથી નાણાં ચૂકવીને પ્લોટ ખરીદ્યા હતા. ખરીદી સમયે મિલકતના માલિકી હક સહિતની તમામ બાબતો સ્પષ્ટ થશે તેવી અપેક્ષા હતી. જોકે, વર્ષો વીતી જવા છતાં જમીનના ટાઇટલ, મહેસૂલ રેકોર્ડ, બિનખેતી (NA) સહિતની કાયદાકીય પ્રક્રિયાઓમાં પ્રશ્નો યથાવત હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પ્લોટધારકોએ કલેક્ટર સમક્ષ રજૂઆત દરમિયાન સવાલ ઉઠાવ્યો હતો કે જો અંદાજે ૪૫૦ પ્લોટ વેચવામાં આવ્યા હોય અને ખરીદદારો દ્વારા સંપૂર્ણ નાણાં ચૂકવવામાં આવ્યા હોય તો ૨૦ વર્ષથી વધુ સમય બાદ પણ એકપણ પ્લોટને સ્પષ્ટ માલિકી હક કેમ મળ્યો નથી? એસોસિએશને આ સમગ્ર મામલાની તપાસ કરાવી લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોનાં મૂળ કારણો શોધવાની માંગ કરી છે. મહેસૂલથી માંડી ટાઉન પ્લાનિંગ સત્તાવાળાઓ સુધી રજૂઆત કરવામાં આવી છે.

સ્નેપચેટ પર મિત્રતા કેળવી 2280 લાખ પડાવી શારીરિક શોષણ

કાપોદ્રાની પરિણીતા પાસે વકીલ ફી તેમજ અને પતિને સ્ક્રીનશોટ બતાવવાની ધમકી આપી રકમ પડાવી, બે સામે ગુનો

સુરત: કાપોદ્રા વિસ્તારમાં રહેતી પરિણીતાનો ફેબ્રુઆરી ૨૦૨૬માં સ્નેપચેટ પર જકાતનાકા ખાતે રહેતા ટોનીશ ઉર્ફે જેનીલ ઘનશ્યામભાઈ પડસાળા નામના યુવક સાથે પરિચય થયો હતો. તેણે પરિણીતાને પોતે સાયબર ક્રાઇમના એક મોટા કેસમાં ફસાઈ ગયો હોવાનું કહી પોલીસ તેમજ વકીલની ફી ચૂકવવાના બહાને નાણાં માંગવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ આરોપીએ પરિણીતાને બ્લેકમેઈલ કરવા માટે નવી જાળ વણી હતી. તેણે પરિણીતાને તેના પતિના અફેર અંગેના સ્નેપચેટના સ્ક્રીનશોટ બતાવી દેવાની અને તેના પરિવારમાં ચેટ જાહેર કરી દેવાની ધમકી આપી બદનામીના ડરથી પરિણીતાએ આરોપીને તબક્કાવાર કુલ રૂ. ૨.૮૦ લાખ રોકડા આપી દીધા હતા. આટલેથી ન અટકતાં આરોપીએ સોનાના દાગીના પણ બળજબરીથી કઢાવી લીધા હતા. દાગીના કઢાવવાની આ સમગ્ર રમતમા જેનીલને તેના મિત્ર આશીષ વેકરીયાએ સાથ આપ્યો હતો. આર્થિક શોષણની સાથે આરોપી જેનીલે પરિણીતાની મરજી વિરુદ્ધ તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધો પણ બાંધ્યા હતા. પીડિત પરિણીતાવી ફરિયાદના આધારે પોલીસે મુખ્ય આરોપી ટોનીશ ઉર્ફે જેનીલ પડસાળા અને તેના સાગરીત આશીષ વેકરીયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સતીષ મરાઠાની કાર નીચે GPS ટ્રેકર લગાવી લોકેશન મેળવતા હતા

માસ્ટરમાઇન્ડ રાહુલ મંડલના ૪ દિવસનાં રિમાન્ડ મંજૂર, અંગત મિત્રનો ચહેરો ખુલ્લો પડશે

GPS ટ્રેકર લગાવી પળેપળની રેકી કરાતી હતી

ડીસીપી રાજેશ પરમારના જણાવ્યા મુજબ, રાહુલ મંડલે તેના સાગરીત રાહુલ બટાકાને જીપીએસ લાવીને કારમાં સેટ કરવાની જવાબદારી સોંપી હતી. આ જીપીએસ ટ્રેકિંગના કારણે કાવતરાખોરોને સતીષ ક્યાં જાય છે તેની પળેપળની લાઇવ લોકેશન મળતી રહેતી હતી અને તેના આધારે જ હુમલાનું ચોક્કસ લોકેશન અને સમય નક્કી કરીને લોહિયાળ વારદાતને અંજામ આપવામાં આવ્યો હતો.

સુરત: ડાયમંડ સિટી સુરતમાં ચકચાર મચાવનાર બહુચર્ચિત સતીષ મરાઠા ક્રૂર હત્યાકાંડના મુખ્ય સૂત્રધાર અને કાવતરાખોર રાહુલ મંડલને મંગળવારના રોજ સજ્જડ પોલીસ બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે હત્યાકાંડના ઊંડા કાવતરા, હથિયારો અને મદદગારોની તપાસ અર્થે ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી, જેની સામે અદાલતે ૪ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પ્રાથમિક પૂછપરછમાં જ હાઈટેક ષડયંત્રનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે.

ઝોન-૧ના ડીસીપી રાજેશ પરમારે માહિતી આપતા જણાવ્યું હતું કે, હત્યાના બરાબર એક અઠવાડિયા પહેલાં સતીષ મરાઠાની રેકી કરવા માટે તેની સ્વિફ્ટ કારની ડ્રાઇવર સીટ નીચે જીપીએસ ટ્રેકર લગાવી દેવામાં આવ્યું હતું. કાવતરાખોર રાહુલ મંડલે તેના સાગરીત રાહુલ બટાકાને ચોક્કસ જગ્યાએથી જીપીએસ લાવીને તક મળતાં જ સતીષની કારમાં લગાવી દેવા આદેશ આપ્યો હતો, જેથી સતીષ ક્યાં જઈ રહ્યો છે તેનું પળેપળનું લાઇવ લોકેશન સતત મળતું રહે. હાલ પોલીસે કબજે કરેલા ત્રણેય ઘાતક વેપન કોણ લાવ્યું હતું અને કોણે આપ્યા હતા તેમજ જીપીએસ ઉપકરણ કોની પાસેથી મંગાવવામાં આવ્યું હતું, તે દિશામાં કડક પૂછપરછ હાથ ધરી છે. રિમાન્ડ દરમિયાન આ હત્યાકાંડમાં સામેલ અન્ય નામો અને આકાઓ બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

ચેઇન સ્નેચિંગ કેસમાં બે આરોપીને 5 વર્ષની સખત કેદ

સુરત: તા 22 જૂન, 2021ના રોજ ઉમરા વિસ્તારમાં વેસુ સ્ટાર ગેલેક્સી નજીક બેડમિન્ટન કોચ ફરિયાદી અભી મહેતા ડોગને ડોગફુડ આપીને પોતાની કારમાં બેસવા જઈ રહ્યા હતા. તે દરમિયાન મોટરસાઈકલ પર આવેલા શખ્સો ગળામાંથી સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. આ કેસમાં ગણેશ ઉર્ફે ગણિયો રવિન્દ્ર વાઘ, વિજયભાઈ ડાહાભાઈ કાંગરીવાળા ઉર્ફે રાણા અને અક્ષય સુરેશભાઈ શિંદે સામે પોલીસે કાર્યવાહી કરી હતી. ગણેશ ઉર્ફે ગણિયોનું અવસાન થતાં તેની સામેનો કેસ એબેટ કરવામાં આવ્યો હતો. જ્યારે અન્યો સામે કોર્ટમાં કાર્યવાહી ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ મુજાલ બ્રહ્મભટ્ટ કેસ પુરવાર કરવામાં સફળ થતાં સેશન્સ કોર્ટે બંને આરોપીને દોષિત ઠેરવી પાંચ પાંચ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

ડો. હર્ષની અગાઉની ફરિયાદો પર પગલાં લેવાયા હોત તો તેનો જીવ બચ્યો હોત!

કોલેજ તંત્રને ડો. હર્ષ પર થતાં જુલમની જાણ હતી જ

સુરત: સુરતની મેડિકલ કોલેજમાં આપઘાત કરનાર પીજીના પ્રથમ વર્ષના વિદ્યાર્થી ડો. હર્ષ દ્વારા ચારેય સિનિયર ડોક્ટરો તરફથી રેગિંગ કરવામાં આવતું હોવાની ફરિયાદો અને રજૂઆતો અગાઉ કરવામાં આવી હતી. આ રજૂઆતો અંગે કોલેજ તંત્રને જાણ હોવા છતાં યોગ્ય સમયે કાર્યવાહી કરવામાં આવી ન હોવાનો આક્ષેપ છે. જેના કારણે સમગ્ર મામલામાં કોલેજ તંત્રની ભૂમિકા અંગે પણ સવાલો ઊભા થયા છે.

હર્ષના પિતાએ સુરત સિવિલમાંથી MBBS અને MS કર્યું હતું

ડો. હર્ષ પંડ્યાના પરિવારનો પણ સુરત સિવિલ હોસ્પિટલ સાથે જૂનો નાતો હોવાનું જાણવા મળ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, હર્ષના પિતાએ પણ સુરત સિવિલ હોસ્પિટલમાંથી જ MBBS અને MS નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. જેના કારણે હર્ષ માટે પણ સુરત સિવિલ હોસ્પિટલ સાથે એક ખાસ શૈક્ષણિક જોડાણ રહ્યું હોવાનું સામે આવ્યું છે.

'દોષિતોનાં મેડિકલ સર્ટિફિકેટ રદ કરો', એબીવીપીનું ૨ દિવસનું અલ્ટિમેટમ

ડો. હર્ષ પંડ્યાના આપઘાત અને રેગિંગની ગંભીર ઘટના મામલે ABVP દ્વારા મેડિકલ કોલેજ ખાતે વિરોધ પ્રદર્શન કરી જવાબદાર રેસિડેન્ટ ડોક્ટરો અને પ્રોફેસરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. જવાબદાર તમામ રેસિડેન્ટ ડોક્ટરો તથા પ્રોફેસરોના લાયસન્સ રદ કરવાની પણ ઉગ્ર માંગ કરવામાં આવી હતી. ABVP દ્વારા મેડિકલ કોલેજ પ્રશાસનને બે દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. સંગઠનના આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી બે દિવસમાં તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો ત્રીજા દિવસે મેડિકલ કોલેજ અને સમગ્ર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

હર્ષને પિતાએ ભેટમાં આપેલી ૧૫ લાખની કાર હજુ પણ સિવિલ કેમ્પસમાં

ડો. હર્ષ પંડ્યા પરિવારનો એકનો એક લાડકવાયો પુત્ર હતો. પરિવારજનોએ ખૂબ લાડકોડથી ઉછેરેલા હર્ષને તેમના પિતા ડો. સુભાષચંદ્ર પંડ્યાએ અંદાજે ૩.૧૫ લાખની કિંમતની કાર ભેટમાં આપી હતી. હર્ષના આપઘાત બાદ આ કાર હજુ પણ નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં પડી રહી હોવાનું જાણવા મળે છે. પરિવારજનોએ જણાવ્યું હતું કે, હર્ષ સાથે તેના પિતાનો ખૂબ જ ગાઢ સંબંધ હતો. ડો. હર્ષને ભીંડાનું શાક ભાવતું ન હતું, જેથી તેના પિતા પોતાના હાથે શાક બનાવીને તેને પ્રેમથી ખવડાવતા હતા. જેથી તે ભીંડા ખાતો થઈ જાય. હર્ષના પરિવાર અને સગાંસંબંધીઓમાં ૧૦થી વધુ લોકો તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું પણ જાણવા મળ્યું છે.

હર્ષના ટેબલ પર અત્તર અને કાતરથી લઈને મલ્ટિવિટામિન્સની દવાઓ મળી

સૂત્રોએ જણાવ્યું હતું કે, નવી સિવિલ હોસ્પિટલની બોયઝ પીજી હોસ્ટેલના રૂમ નંબર ૧૦૦૫માં ૩૦ વર્ષીય રેસિડેન્ટ ડોક્ટર હર્ષ પંડ્યાના આપઘાતના બનાવની તપાસ દરમિયાન રૂમમાંથી મળેલી કેટલીક વસ્તુઓએ પોલીસનું ધ્યાન ખેંચ્યું છે. હર્ષના ટેબલ પર અનેક વસ્તુઓ નવી અને પેકિંગમાં જોવા મળી હતી. ટેબલ પરથી પેક મલ્ટિવિટામિન્સની ટેબ્લેટ્સ, નવા પેન્ટનું બ્રાન્ડેડ લેબલ, નવું તાળું, નવું હેન્ડ સેનિટાઇઝર તેમજ નવી સર્જિકલ કાતર મળી આવી હોવાનું જાણવા મળ્યું છે. ટેબલ પરથી બે અન્ય પેક થયેલી વસ્તુઓ, ગોગલ્સનું બોક્સ તથા પેકિંગમાં રહેલું ગુલાબનું અત્તર પણ મળી આવ્યું હતું. વસ્તુઓની હાલત જોતાં તે તાજેતરમાં જ ખરીદાઈ હતી.

મોબાઈલ ચેટમાં રેગિંગના પુરાવા હોવાનો દાવો

આ કેસમાં સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દો ડો. હર્ષના મોબાઈલ ફોનમાંથી મળેલા ચેટ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ ચેટમાં ચાર સિનિયર ડોક્ટરો દ્વારા ડો. હર્ષનું રેગિંગ કરવામાં આવતું હોવાના સંકેતો હોવાનું અને આ પુરાવા તપાસ કમિટીના રિપોર્ટમાં સામેલ કરવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જો તપાસ કમિટીના રિપોર્ટમાં આવા ડિજિટલ પુરાવા નોંધાયેલા હોય, તો પોલીસ ફરિયાદમાં તેનો ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો નથી, તે અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. તપાસ દરમિયાન આ ચેટની સત્યતા, સમય, સંદર્ભ અને તેમાં સામેલ વ્યક્તિઓની ભૂમિકા અંગે ફોરેન્સિક તથા કાયદેસરની તપાસ થાય તે જરૂરી બની જાય છે.

યુનિવર્સિટી દ્વારા મેડિકલ કોલેજ ડીન ડો.જયેશ બ્રહ્મભટ્ટને નોટિસ આપી

ડો. હર્ષ પંડ્યાના આપઘાતમાં રેગિંગનો નર્મદ યુનિ.એ તપાસ અહેવાલ માંગ્યો

અગાઉ પત્ર પાઠવવા છતાં અહેવાલ ન મળતા એન્ટી-રેગિંગ સેલનો કોલેજને ફરી પત્ર પાઠવવો પડ્યો

મામલો ગંભીર હોવાથી વિલંબ નહીં કરવા સૂચના

વિદ્યાર્થીના આત્મહત્યાના બનાવ સાથે રેગિંગનો મુદ્દો જોડાયેલો હોવાથી યુનિવર્સિટી દ્વારા સમગ્ર બાબતને અત્યંત ગંભીર અને સંવેદનશીલ ગણાવવામાં આવી છે. કોલેજને સ્પષ્ટપણે જણાવાયું છે કે, અહેવાલ મોકલવામાં કોઈપણ પ્રકારનો વિલંબ ન થાય. માંગવામાં આવેલી માહિતી અને તપાસ અહેવાલ તાત્કાલિક ધોરણે એન્ટી-રેગિંગ સેલને મોકલવા સૂચના આપવામાં આવી છે, જેથી યુનિવર્સિટી દ્વારા આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરી શકાય.

સુરત : ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ, સુરતમાં વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા આત્મહત્યાના દુઃખદ બનાવમાં રેગિંગની ફરિયાદ હોવાના મુદ્દે યુનિવર્સિટી એન્ટી-રેગિંગ સેલ દ્વારા તપાસ હાથ ધરવા માટે કાર્યવાહી તેજ કરવામાં આવી છે. આ મામલે કોલેજ પાસેથી અગાઉ તપાસનો વિગતવાર અહેવાલ અને જરૂરી માહિતી માંગવામાં આવી હતી. જોકે, આજદિન સુધી આ માહિતી યુનિવર્સિટી એન્ટી-રેગિંગ સેલને પ્રાપ્ત ન થતાં કોલેજના ડીનને ફરીથી પત્ર પાઠવી અહેવાલ તાત્કાલિક રજૂ કરવા જણાવાયું છે.

યુનિવર્સિટી એન્ટી-રેગિંગ સેલ દ્વારા ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ, સુરતના ડીનને પાઠવવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે, બનાવની તાત્કાલિક તપાસ કરી તેનો વિગતવાર અહેવાલ તેમજ જરૂરી માહિતી રજૂ કરવા જણાવાયું હતું. એન્ટી-રેગિંગ સેલે કોલેજને ખાસ સૂચના આપી છે કે, બનાવ સંદર્ભે કરવામાં આવેલી તપાસનો વિગતવાર અહેવાલ રજૂ કરવામાં આવે. ઉપરાંત, કોલેજમાં રેગિંગ અંગે કોઈ ફરિયાદ, આક્ષેપ અથવા શંકા નોંધાઈ હોય તો તેની પણ સંપૂર્ણ વિગતો યુનિવર્સિટી સમક્ષ રજૂ કરવામાં આવે. આ સમગ્ર મામલે હવે ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ દ્વારા રજૂ કરવામાં આવનાર તપાસ અહેવાલ મહત્વનો બની રહેશે. ખાસ કરીને રેગિંગ અંગે અગાઉ કોઈ ફરિયાદ કે આક્ષેપ નોંધાયો હતો કે નહીં અને વિદ્યાર્થીના આત્મહત્યા બનાવ સાથે તેનો કોઈ સંબંધ હતો કે કેમ તે અંગેની વિગતો અહેવાલ બાદ સ્પષ્ટ થઈ શકે છે.

લાજપોર જેલની 'હાઇ સિક્યોરિટી' સામે વાયરલ વિડીયોથી સવાલો

સામાન્ય મુલાકાતીનો મોબાઇલ બહાર જમા થાય છે, તો જેલની અંદરથી વિડીયો સોશિયલ મીડિયા સુધી પહોંચ્યો કેવી રીતે?

સુરત: સોશિયલ મીડિયા પર હાલ એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે, જેને લાજપોર જેલની અંદરનો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. વિડીયોમાં એક ટેબલ પાસે બે વ્યક્તિ બેઠેલી અને એક વ્યક્તિ ઊભેલી અને અન્ય વ્યક્તિ વિડીયો બનાવતી હોવાનું જોવા મળે છે. જો તપાસમાં આ વિડીયો ખરેખર લાજપોર જેલની અંદરનો હોવાનું સાબિત થાય તો જેલની 'હાઈ સિક્યોરિટી' વ્યવસ્થા સામે આંગળી ઊઠે એ સ્વાભાવિક છે. કારણ કે, સામાન્ય મુલાકાતીને પણ કેદીને મળતા પહેલા ચોક્કસ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે અને મોબાઈલ ફોન સહિતની વસ્તુઓ બહાર જમા કરાવ્યા બાદ જ મુલાકાતની મંજૂરી આપવામાં આવે છે. તો પછી જેલની અંદર વિડીયો ઉતારવા માટે મોબાઈલ આવ્યો ક્યાંથી? અને વિડીયો જેલની ચાર દીવાલો ઓળંગીને સોશિયલ મીડિયા સુધી પહોંચ્યો કેવી રીતે? આ બે સવાલોના જવાબ હવે અત્યંત જરૂરી બન્યા છે. લાજપોર જેવી ઉચ્ચ સુરક્ષાવાળી જેલમાં મોબાઈલ ફોન કે કેમેરા જેવી વસ્તુ અંદર પહોંચે તો તેને માત્ર નિયમોના ભંગ તરીકે જોવું પૂરતું નથી. તે જેલની આંતરિક સુરક્ષા વ્યવસ્થાની ગંભીર ખામી તરફ પણ સંકેત આપી શકે છે. વાયરલ વિડીયો ખરેખર લાજપોર જેલનો છે કે અન્ય કોઈ જેલનો છે તે તપાસનો વિષય છે.

થોડા સમય પહેલાં શિવ ઝાલા નામની વ્યક્તિએ જેલની અંદર ચાલતા હોવાનાં આક્ષેપિત કારસ્તાનો અંગે મીડિયા સમક્ષ વાત કરી હતી. બીજી તરફ ભેસ્તાન સરસ્વતી વાસ નજીક સતીશ મરાઠીની હત્યાના કથિત પ્લાનિંગમાં જેલ કનેક્શન હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું હતું. આ મામલે રાહુલ નામના વ્યક્તિને જેલમાંથી સ્ટન્સફર વોર્થથી બહાર લાવી ભેસ્તાન પોલીસે પૂછપરછ ચાલુ કરી છે. જોકે, આ તમામ બાબતોની સત્યતા સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકે છે.